૩૪

વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકના પાંચ નિગમોને સીધા ધિરાણની યોજના અંતર્ગત રૂ.૭૫૦૦ લાખની ફાળવણી કરવા બાબત (વર્ષ ૨૦૨૦-૨૧)

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૦૨૦૧૯/૫૬૮૦૪૬/ન.બા-૧૬/અ૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૭/૧૧/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૩૧/૦૮/૨૦૨૦નો સરખા ક્રમનો ઠરાવ

આમુખ :-

વંચાણે લીધેલા ક્રમાંક (૧) ના ઠરાવથી રાજ્યમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, વિચરતી અને વિમુક્ત જાતિ અને લઘુમતી વર્ગોના ઉદ્યોગ સાહસિકોને રાજ્ય સરકારના ફંડ દ્વારા સીધા ધિરાણ યોજના અંતર્ગત નાના ઉદ્યોગ ધંધાઓ, પરિવહન તેમજ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ લોન આપવા (૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, (૨) ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, (૩) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, (૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ અને (૫) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમને નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે કુલ ૭૫૦૦ લાખની સીધા ધિરાણની યોજનાને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. આ રકમની ઉકત ૫ નિગમો વચ્ચે વહેંચણી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ :-

પુખ્ત વિચારણાના અંતે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબના પાંચ નિગમોને રૂ.૭૫૦૦ લાખની ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

| ક્રમ | નિગમનું નામ | ફાળવેલ રકમ (રૂ લાખ.માં) |
|---|---|---|
| ૦૧ | ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ | રૂ. ૧૫૦૦.૦૦ |
| ૦૨ | ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ | રૂ. ૧૬૦૦.૦૦ |
| ૦૩ | ગુજરાત ગોપાલક વિકાસ નિગમ | રૂ. ૧૪૦૦.૦૦ |
| ૦૪ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ | રૂ. ૧૮૦૦.૦૦ |
| ૦૫ | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ | રૂ. ૧૨૦૦.૦૦ |
| | કુલ | રૂ.૭૫૦૦.૦૦ |

ઉપરોક્ત ફાળવણીથી મળતાં નાણાં વર્ષ ૨૦૨૦-૨૧માં ખર્ચવા માટે સંબંધિત નિગમોએ Sector-wise ધિરાણનો Action Plan એક સપ્તાહમાં સરકારશ્રીમાં રજુ કરવાનો રહેશે. આ એક્શન પ્લાન(ખર્ચ-આયોજન) મંજૂર થયા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૬/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(યુ.કે.પાઠક)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય ,ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ., ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ-૨૦૨૦.